# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૧/ક્વા-૨/૧૯-૨૦/૨૨** **તા.૦૨–૦૧–૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૧/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ધનાભાઈ રણમલભાઈ સોલંકી** ગામ: લાખાપરા
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેમના પ્રતિનિધિ તરીકે સોલંકી અજયભાઈ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **વેરાવળ**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જી.જોષી અને તેમની સાથે** નાયબ ઈજનેર શ્રી **જે.જે.કાચા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **વેરાવળ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૬-૧૧-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૬-૧૧-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં નાયબ ઈજનેર શ્રી **જે.જે.કાચા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **વેરાવળ** હાજર રહેલ હતા. જેમાં **અરજદાર હાજર રહેલ ન** હતા. સદર કેસની સુનાવણી તા.૨૪-૧૨-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી – જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની અરજી ના નોંધણી નંબર :**૬૧/ક્વા-૨/૧૯-૨૦** મા જણાવે છે કે, તેઓએ ઉજાલા બલ્બ ખરીદ કરેલ ન હોવા છતા – તેઓના વીજબીલ માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૮, માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૮, માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૯, માહે માર્ચ–એપ્રીલ– ૧૯ મા કુલ રૂ.૧૯૧૬/૬૮ ઉજાલા ચાર્જ તરીકે રકમ ચડાવેલ છે, જે ખોટી રીતે ચડત થયેલ છે. જેના વિલંબીત ચાર્જ – વીજબીલ માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૮ ના રૂ.૩૭૪/૬૦ વસુલવામા આવેલ છે. જે જમા આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર ધનાભાઈ રણમલભાઈ સોલંકી આર.જી.પી.આર ટેરીફ હેઠળ વીજજોડાણ ગ્રાહક નં. ૮૧૩૨૬/૦૦૧૧૬/૭ થી ધરાવે છે. અરજદારની

ફરીયાદ અન્વયે ઉજાલા બલ્બ ની રકમ વીજબીલ માહે સપ્ટેમ્બર–૧૮ મા રૂ.૧૪૦/–, માહે નવેમ્બર –૧૮ રૂ.૧૪૦/–, માહે જાન્યુઆરી–૧૯ માં રૂ.૧૪૦/–, માહે માર્ચ–૧૯ મા રૂ.૫૦૩/૩૪ માહે મે–૧૯ મા રૂ.૪૩૩/૩૪ ની રકમ વીજબીલના ખાતામા જમા અપાયેલ છે. તે ઉપરાંત વ્યાજની રકમ રૂ.૩૩.૯૧ પણ સદર વીજબીલના ખાતામા જમા અપાયેલ છે. જે બાબત ની જાણકારી અરજદારને તા.૨૪–૧૦–૧૯ ના લેખીત પત્ર થી અપાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરીયાદ મુજબ – તેઓના વીજબીલ ગ્રાહક નં. ૮૧૩૨૬/૦૦૧૧૬/૭ મા ઉજાલા બલ્બની રકમ ચડત આવતી હોય – પરંતુ અરજદારે ઉજાલા બલ્બની કોઈ ખરીદી કરેલ ન હોય – જેથી સદર રકમ જમા આપવા સબંધક કચેરીમાં રજુઆત કરેલ પરંતુ કોઈ કાર્યવાહી ન થતા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે. સદર કેસની સુનાવણી ઉપરોકત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે રાખવામા આવેલ હતી.

૪.૨ ઉપરોકત પેરા નં.–૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ **કરાયેલ** પી.આર.ટી.–૧૪૫ મુજબ – સદર ગ્રાહકના વીજબીલમાં નીચે મુજબ – ઉજાલા ચાર્જીસ વસુલાયેલ છે.

| Billing Month | Ujala Charges |
|---|---|
| JUL,AUG,18 BIL SEP,18 | 140 |
| SEP,OCT,18 BIL NOV,18 | 140 |
| NOV,DEC,18 BIL JAN,19 | 140 |
| JAN,FEB,19 BIL MAR,19 | 503.34 |
| MAR,APR,19 BIL MAY,19 | 433.34 |

ઉપરોકત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર વીજબીલના ખાતામા જમા આપવા માટે ની કાર્યવાહી પેટા વિભાગીય કચેરી દ્વારા કરાયેલ છે, જેની જરૂરી મંજુરી મળ્યેથી ગ્રાહકના ખાતામા સદર રકમ જમા આપવામા આવશે. વધુમાં સદર રકમ ઉપર લાગેલ વિલંબીત ચાર્જ પણ અરજદારના ખાતામા જમા આપવાની કાર્યવાહી કરેલ છે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા ઉજાલા બલ્બ ની ખરીદી E.M.I. પધ્ધતિ દ્વારા કરાયેલ હોય – તે બાબતેના આધાર–પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. જેથી, અરજદારના વીજબીલમાં ઉજાલા ચાર્જીસ પેટે રકમ વસુલેલ છે, તે તેઓના બીલીંગ ખાતામા – અરજદાર તથા અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા જમા આપવાની સુચના પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’ ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૯૮૯